ગુજરાતમાં ૨૫મીથી પ્રિ-મોનસૂન એક્ટિવિટી

ત્રણ દિવસ બાદ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા : હવામાન વિભાગની આગાહી મુજબ વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં વરસાદ પડી શકે છે : તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં આગ દઝાડતી ગરમી પડી રહી છે. લોકો ઘરની બહાર પણ નીકળવાનું ટાળી રહ્યા છે. બીજી તરફ, રાજ્યમાં છેલ્લાં બે દિવસથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. રાજ્યના અનેક વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડતી અને પવન ફૂંકાતો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજ્યમાં આકરી ગરમી વચ્ચે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ બાદ દક્ષિણ ગુજરાતમાં વરસાદ થવાની સંભાવના છે. ત્રણ દિવસ બાદ ગુજરાતમાં પ્રિ મોનસૂન એક્ટિવિટીનો પ્રારંભ થશે. સાથે જ તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાથી ગરમીથી થોડી રાહત મળશે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨૫ મેનાં રોજ વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં સામાન્ય વરસાદ પડે તેવી સંભાવના છે. આની સાથે તાપમાનમાં ઘટાડો થશે અને કાળઝાળ ગરમીથી રાહત મળશે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે. અમદાવાદમાં ૪૧-૪૨ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાય એવી શક્યતાઓ રહેલી છે. પ્રિ મોનસૂન એક્ટિવિટીના ભાગ રુપે કેરળ, કર્ણાટકના દરિયાઈ વિસ્તારો તેમજ અસમ, મેઘાલય અને અરૂણાચલ પ્રદેશમાં વરસાદ પડી રહ્યો છે. મહત્વનું છે કે, છેલ્લાં બે ત્રણ દિવસથી રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે. રાજ્યના અનેક વિસ્તારોમાં પવન સતત પવન ફૂંકાતો જોવા મળ્યો હતો. જેના કારણે ગરમીમાં આંશિક રાહત મળી હતી. શુક્રવારે ૪૩.૬ ડિગ્રી અને શનિવારે ૪૨ ડિગ્રી ફૂંકાતો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં શનિવારે ૧૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહેશે અને દિવસના તાપમાનમાં ૨ ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળે એવી પણ શક્યતાઓ છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, તાપમાન નોંધાયુ હતું. ત્યારે હવામાન વિભાગનું માનીએ તો, હજુ પણ આગામી ત્રણ દિવસ સુધી પવન ફૂંકાતો રહેશે અને દિવસના તાપમાનમાં ૨ ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળે એવી પણ શક્યતાઓ છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ૨૫ મેથી દક્ષિણ ગુજરાતમાં પ્રિ મોનસૂન એક્ટિવિટીનો પ્રારંભ થશે. જ્યારે ૧૦ જૂનથી દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની શરુઆત થવાની શક્યતાઓ છે. હવામાન વિભાગનું કહેવું છે કે, રાજધાની દિલ્હીમાં આગામી ચાર દિવસ સુધી વરસાદ અને ઝાપટાના કારણે ગરમીથી રાહત મળશે. કેરળમાં ૨૭ મેથી પહેલી જૂન વચ્ચે સત્તાવાર નૈઋત્યના ચોમાસાનું આગમન થાય એવી શક્યતાઓ રહેલી છે.

ગીર ગઢડાના ખિલાવડ રોડ ૧૧ સિંહ દેખાતા ફફડાટ : વિડિઓ સોશિયલ મીડિયા પર વાઈરલ

ગીર સોમનાથ, તા.૨૨

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકામાં એક સાથે ૧૧ સિંહો રોડ પર લટાર મારતા દેખાયા હતા. આ ૧૧ સિંહોના ટોળામાં સિંહણ અને સિંહબાળ પણ સામેલ હતા.મોડી રાત્રે એક સાથે ૧૧ સિંહોનું ટોળું રોડ પર આવતા અમુક સમય માટે વાહનવ્યવહાર થંભી ગયો હતો. આ વિડીયો ક્યાંનો છે એ સ્પષ્ટ થઈ શક્યું નથી, પણ કહેવામાં આવી રહ્યું છે કે આ વિડીયો ગીર ગઢડાના ખિલાવડ રોડ પરનો છે. એક સાથે ૧૧ સિંહ આવતા ગ્રામજનોમાં ભય ફેલાયો છે અને ગ્રામજનો દ્વારા વનવિભાગને જાણ કરવામાં આવી છે. આ વિડિઓ હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે.

૧૫૦ કરોડનો ચૂનો લગાવનાર મહાઠગ પકડાયો

નડિયાદમાં ડેટા એન્ટ્રીના નામે ૨૧ હજાર લોકોને છેતર્યા : નડિયાદમાં કંપની ખોલી ૧૫૦ કરોડની ઠગાઈ કરનાર રાહુલ વાઘેલાને બનાસકાંઠા પોલીસે ઝપી પાડ્યો છે

બનાસકાંઠા, તા.૨૨

નડિયાદમાં કંપની ખોલી ૧૫૦ કરોડની ઠગાઈ કરનાર રાહુલ વાઘેલાને બનાસકાંઠા પોલીસે ઝપી પાડ્યો છે. માસ્ટર ડિજિટલ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડ કંપની ખોલી તેણે હજારો લોકો સાથે છેતરપિંડી કરી હતી. નડિયાદમાં ડેટા એન્ટ્રીના નામે ૨૧ હજાર લોકોને છેતર્યા હતા. ત્યારે કંપનીના મુખ્ય ડિરેક્ટર રાહુલ વાઘેલાને ન્ઝમ્એ ઝડપી લીધો છે. તેની કંપનીમા નડિયાદ, અમદાવાદ, સુરત,વડોદરાના લોકોના નાણાં ફસાયા હતા.

નડિયાદમાં માસ્ટર ડિજીટલ ટેકનોલોજી પ્રા. લિમિટેડ નામની કંપની ખોલીને હજારો લોકોને તેમાં કરોડો રૂપિયાનું રોકાણ કરાવીને લોકોના પૈસા લઈને ફરાર થનારા કંપનીના મુખ્ય ડિરેક્ટર અને માસ્ટર માઈન્ડ રાહુલ વાઘેલાને બનાસકાંઠા પોલીસે ઝડપી પાડ્યો છે.

નડિયાદ શહેરમાં ડભાણ રોડ ઉપર બે વર્ષ પહેલાં માસ્ટર ડિજીટલ ટેકનોલોજી પ્રા.લિમિટેડ નામની કંપની ખોલીને લોકોને મોબાઈલમાં માસ્ટર ડિજીટલ નામની એપ્લિકેશન આપી હતી. જેમાં તે ૬ થી ૮ ડિજિટના બારકોડ આપીને ડેટા એન્ટ્રી કરવાનું કહીને અંદાજે ૨૨ હજાર લોકોને આઈડી આપ્યા હતા. તેણે વ્યક્તિદીઠ રૂપિયા ૨૫ થી ૯૦ હજારનું કંપનીમાં રોકાણ કરાવ્યુ હતું. લોકોને વધુ વળતરની લાલચ આપીને અને વધારે કમાવવાની લાલચ આપીને જુદા-જુદા પ્રકારનું કામ આપવામાં આવ્યું હતું. તો કેટલાય લોકોને વધુ વળતર આપવાની લાલચ આપીને કંપનીમાં થાપણો લીધી હતી. જેને લઈને શરૂઆતમાં સારું વળતર મળતાં આ કંપનીમાં નડિયાદ સહિત અમદાવાદ, વડોદરા, સુરત, આણંદ સહિત અનેક શહેરોના લોકોને મોટું રોકાણ કર્યું હતું.

જોકે કંપની દ્વારા લોકોને અચાનક જ વળતર આપવાનું બંધ કરી દેવાયુ હતું. જેથી લોકોએ કંપનીની ઓફિસ ઉપર જઈને હોબાળો મચાવ્યો હતો. ત્યાર બાદ કંપનીના માણસો દ્વારા લોકોના નાણાં ક્રીપ્ટોમાં કન્વર્ટ કરવાની વાત કરાઈ હતી. જોકે ત્યાર બાદ કંપનીનો સંચાલક રાહુલ વાઘેલા અચાનક જ ફરાર થઈ જતા કંપનીમાં કરોડોનું રોકાણ કરનાર

લોકોને રાતાપાણીએ રોવાનો વારો આવ્યો હતો. આ કંપનીમાં લોકોના કરોડો રૂપિયા ડૂબી જતાં છેતરાયેલા લોકોએ પોલીસનો સહારો લીધો હતો. ત્યારે બનાસકાંઠાની એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, રાહુલ વાઘેલા ધાનેરા પાસે આવેલ ગુજરાત-રાજસ્થાન બોર્ડર નજીકની હોટલ ઉપરથી બસમાં બેસી રાજસ્થાન તરફ જવાની તૈયારીમાં છે. ત્યારે પોલીસે શંકાસ્પદ હાલતમાં આ કૌભાંડના મુખ્ય માસ્ટર માઈન્ડ આરોપી રાહુલ વાઘેલાની અટકાયત કરી હતી. તેની આકરી પૂછપરછ કરતાં તેણે કંપનીના નામે કરોડો રૂપિયાની ઠગાઈ કરી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તેની સામે ગુનો નોંધીને નડિયાદ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના

વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અંગેનો સૌ પ્રથમવાર સુગ્રથિત પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને તેમની ઉચ્ચ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શન મળી રહે એ આશયથી રાજ્યમાં સૌપ્રથમવાર સુગ્રથિત પ્રયાસ કરીને ''નવી દિશા નવું ફલક'' કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

શિક્ષણમંત્રી વાઘાણીએ ઉમેર્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દીમાં જરૂરી માર્ગદર્શન મળી રહે અને તેઓ તેમની કારકિર્દી વધુ સારી રીતે ઘડી શકે એ આશયથી આ પ્રકારના કાર્યક્રમો યોજવાનું રાજ્ય સરકારે આયોજન કર્યુ છે, જે અંતર્ગત રાજ્યની આઠ મહાનગર પાલિકાઓમાં ૨૬મી મે મહાનગર પાલિકા કક્ષાના, પચ્ચીસ જિલ્લાઓમાં તા. ૩૦મી મે એ જિલ્લાકક્ષાના અને ૨૪૯ તાલુકાઓમાં તારીખ ૧લી જૂનથી ૬ઠ્ઠી જૂન દરમિયાન તાલુકાકક્ષાના કાર્યક્રમો સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે. કાર્યક્રમોના સ્થળની વિગતો જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ યોગ્ય કારકિર્દી પસંદ કરી શકે તે માટે આ કાર્યક્રમોમાં તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવનાર છે. જેનો મહત્તમ લાભ લેવા વિદ્યાર્થીઓ અને વાલીઓને રાજ્ય સરકાર દ્વારા અનુરોધ કરાયો છે.

શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ૮ મહાનગરો તથા તમામ જિલ્લા અને તાલુકાકક્ષાએ માત્ર ધોરણ ૧૦ અને ૧૨ નહીં પણ ધોરણ ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે કારકિર્દીને લગતા સવાલો માટે સેમિનાર યોજવામાં આવશે.આ પ્રકારનો સેમિનાર ગુજરાતમાં પ્રથમવાર યોજાવા જઈ રહ્યો છે એમ તેમણે વધુમાં પણ ઉમેર્યું હતું.

મંત્રીએ વધુમાં કહ્યું કે રાજ્ય સરકાર દ્વારા શ્રમ અને કૌશલ્ય વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, કૃષિ વિભાગ, રોજગાર વિભાગ જેવા વિભાગો સાથે સંકલન સાધીને આ કારકિર્દી સેમિનારનું આયોજન કરવામાં આવશે.

યુવક કોલ્ડડ્રિન્ક પી રહ્યો હતો અચાનક નીકળી ગરોળી

અમદાવાદની મેકડોનાલ્ડ કરાઇ સીલ : ગ્રાહકોએ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી હતી

અમદાવાદ, તા.૨૨

શું તમે પણ બહાર ખાવાના શોખીન છો? તો આ તમારે જાણવું જ જોઇએ. શહેરના સાયન્સ સિટી રોડ પર આવેલી મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટમાં કોલ્ડ ડ્રિંકમાંથી મરેલી ગરોળી નીકળી છે. યુવાન કોલ્ડ ડ્રિન્ક પી રહ્યો હતો અને અચાનક મરેલી ગરોળી નીકળતાં ગ્રાહકે હોબાળો મચાવ્યો હતો. જે બાદ આ ગ્રાહકોએ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી હતી. જે અંગે વિભાગે કાર્યવાહી કરતા મેકડોનાલ્ડ સીલ કરી દીધી છે. ગ્રાહકે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ અંગેનો વીડિયો મૂકીને પોતાની વ્યથા વર્ણવી હતી. આ ઘટના જેમની સાથે બની તે યુવાનોનું કહેવું છે કે, અમે મેકડોનાલ્ડમાં જમવા આવ્યા હતા. જ્યાં અમે બે બર્ગર અને કોક ઓર્ડર કર્યુ હતુ. જેમાં કોકમાં ગરોળી આવી છે. અમારી સાથે આવેલા ભાર્ગવભાઇએ આ પીધું અને પછી શેક કર્યું તો ગરોળી ઉપરથી નીચે આવી ગઇ હતી. અમે અહીં ચાર કલાકથી બેઠા છે પરંતુ કોઇ કાર્યવાહી થઇ નથી. એ લોકો કહે છે કે, અમે રિફન્ડ આપી દઇશું.

તેમણે વધુમાં જણાવ્યુ કે, આ બાબતે મેનેજરને ફરિયાદ કરી, પરંતુ તેમણે કોઇ ધ્યાન આપ્યું ન હતું. તેમણે કહ્યુ કે ૩૦૦ રૂપિયા રિફન્ડ આપી દઇએ. તો અમે સામે કહ્યુ કે, તમે આ પી જાવ અમે તમને ૫૦૦ રૂપિયા આપી દઇએ.

થોડા સમય પહેલા અમદાવાદમાં આવેલી અને સાઉથ ઈન્ડિયન ઝાયકા માટે જાણીતી લાલ દરવાજા વિસ્તારની ઉડીપી રેસ્ટોરન્ટમાંથી નારિયેળની ચટણીમાંથી મૃત વંદો નીકળ્યો હોવાનો કિસ્સો સામે આવ્યો હતો.

ઓગસ્ટ સુધી અમદાવાદમાં મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે

ગ્યાસપુર ડેપોથી મોટેરા સુધી થયું ટ્રાયલ : લાંબા સમયથી અમદાવાદમાં ચાલી રહ્યું છે મેટ્રોનું કામ

અમદાવાદ, તા.૨૨

મેટ્રો ટ્રેનની રાહ જોઈ રહેલા અમદાવાદીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મેટ્રો ટ્રેનના બે કોરિડોર છે, નોર્થ-સાઉથ કોરિડોર અને ઈસ્ટ-વેસ્ટ કોરિડોર. શનિવારના રોજ આ બે પૈકીના નોર્થ-સાઉથ કોરિડોરમાં અમદાવાદ-ગાંધીનગર ટ્રેન દોડાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે નોર્થ-સાઉથ કોરિડોર ગ્યાસપુર ડેપોથી મોટેરા મેટ્રો સ્ટેશન સુધીનો છે. ગઈકાલે મેટ્રો ટ્રેને આ કોરિડોરમાં ૧૮.૮૭ કિમીનું અંતર કાપ્યુ હતું. મેટ્રોના અધિકારીઓએ જણાવ્યું કે, તેમની યોજના છે કે આ જ વર્ષે ૧૫મી ઓગસ્ટથી આખા શહેરમાં મેટ્રો ટ્રેન શરુ કરી દેવાની છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે, વહેલી તકે આગામી ટ્રાયલ હાથ ધરવામાં આવશે અને સાથે જ પ્રોજેક્ટને લગતા અન્ય પ્રોટોકોલ પર પણ અમલ કરવામાં આવશે જેથી સુનિશ્ચિત કરી શકાય કે ટ્રેનનું સંચાલન સમયસર શરુ થઈ જાય. ઉલ્લેખનીય છે કે એકવાર ઈસ્ટ-વેસ્ટ અને નોર્થ-સાઉથ કોરિડોરના તમામ ટ્રાયલ સમાપ્ત થઈ જશે, ત્યારપછી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન મેટ્રો રેલ સેફ્ટીના કમિશનરને વિનંતી કરશે કે તેઓ ડેપો તેમજ નોર્થ-સાઉથ કોરિડોરના ડેપોનું ઈન્સ્પેક્શન કરે. ઉલ્લેખનીય છે કે, ઈસ્ટ-વેસ્ટ કોરિડોર વસ્ત્રાલ અને થલતેજને જોડે છે. ઉલ્લેખનીય છે કે માર્ચ, ૨૦૨૨માં ગ્યાસપુર ડેપોથી જીવરાજ સુધી નોર્થ-સાઉથ કોરિડોરનું ટ્રાયલ કરવામાં આવ્યુ હતું. ત્યારપછી ટ્રાયલ વિજયનગર સુધી વધારવામાં

આવ્યુ હતું. શનિવારના ટ્રાયલ દરમિયાન મેટ્રો ટ્રેન મોટેરા, જીવરાજ, રાજીવનગર, શ્રેયસ, પાલડી, ગાંધીધામ, જૂની હાઈકોર્ટ, ઉસમાનપુરા, વિજયનગર, વાડજ, રાણીપ, એઈસી અને સાબરમતી સ્ટેશન પર રોકાઈ હતી. મેટ્રોના અધિકારીઓએ જણાવ્યું કે, ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં કામ હજી બાકી છે. માત્ર વસ્ત્રાલથી એપરેલ પાર્ક સુધીના ૬.૫ કિમીના પટ્ટાનું કામ સમાપ્ત થયું છે. ઉલ્લેખનીય છે કે એપરેલ પાર્કથી થલતેજ સુધીનું કામ હજી ચાલી રહ્યું છે. જ્યારે બન્ને કોરિડોરનું કામ સમાપ્ત થઈ જશે પછી આખા શહેરમાં મેટ્રો કાર્યરત થઈ જશે.

સાણંદનો મહેસૂલનો વર્ગ-૩નો કર્મી ACBની ટ્રેપમાં ફસાયો

રકઝક બાદ ૧૧ લાખ રૂપિયા નક્કી કરાયા હતા : દસ્તાવેજ માટે અરજી કરનારી વ્યક્તિએ પોતાની પાસે રૂપિયા માગનારા કર્મચારી સામે ACBને ફરિયાદ કરી હતી

અમદાવાદ, તા.૨૨

સરકારી ઓફિસમાં લાંચની માયાજાળ એ રીતે ફેલાયેલી છે કે સામાન્ય લોકોને સરકારી ઓફિસમાં જતા એ જ શંકા થતી હોય છે કે તેમનું કામ થશે કે નહીં. બીજી તરફ આવા લાંચિયા કર્મચારીઓનો સપાટો બોલાવવા માટે એન્ટી કરપ્શન બ્યુરો પર આવા લાંચિયા કર્મચારીઓને

ઝડપી પાડવા માટે સતત સતર્ક રહે છે. સાણંદમાં વર્ગ ૩ના કર્મચારી દ્વારા એક સામાન્ય કામ પતાવવા માટે ૧૮,૦૦,૦૦૦ રૂપિયાની માગણી કર્યા બાદ લેવડ-દેવડમાં ભાવતાલ બાદ ૧૧,૦૦,૦૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ પછી દસ્તાવેજ માટે અરજી કરનારી વ્યક્તિએ પોતાની પાસે રૂપિયા માગનારા કર્મચારી સામે છઝમ્ને ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે છટકું ગોઠવીને લાંચિયા કર્મચારીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ કેસમાં ખાનગી કર્મચારીની પણ સંડોવણી હોવાનું સામે આવ્યું છે.

ગાંધીનગર અને અમદાવાદની છઝમ્ની ટીમને માહિતી મળી હતી કે સાણંદના મહેસૂલ ભવનમાં આવેલી સબ-રજીસ્ટ્રારની કચેરીમાં જીતેન્દ્રકુમાર વિષ્ણુભાઈ પટેલ દ્વારા એક કામ પતાવવા માટે ૧૧,૦૦,૦૦૦ રૂપિયાની માગણી કરવામાં આવી છે અને તેમાં મોમીન રિઝવાન ગુલામ રસુલની પણ સંડોવણી સામે આવી હતી. આ બન્ને લાંચિયા કર્મચારીને ઝડપી પાડવા માટે છટકું ગોઠવવામાં આવ્યું હતુ. જેમાં એસીબીની ટીમે લાંચની રકમ લેવા માટે આવેલા વર્ગ-૩ના કર્મચારીના સાગરિત મોમીન રિઝવાન અને જીતેન્દ્રકુમાર પટેલને પકડી લેવામાં આવ્યા છે.

આ કેસની વિગતો એવી છે કે, દસ્તાવેજની માગણી કરવા માટે આવેલા ફરિયાદીને તેમની રજૂઆત બાદ બે દસ્તાવેજ મળી ગયા હતા પરંતુ ત્રીજી દસ્તાવેજને છોડાવવા માટે જીતેન્દ્રકુમાર પટેલ દ્વારા ૧૮,૦૦,૦૦૦ રૂપિયા માગવામાં આવ્યા હતા. જોકે, ફરિયાદીએ રકમ ઓછી કરવા રજૂઆત કર્યા બાદ લાંચની રકમ ૧૧,૦૦,૦૦૦ નક્કી કરવામાં આવી હતી. ફરિયાદ મળતા છઝમ્ની ટીમ ૨૧મી મેના છટકું ગોઠવ્યું હતું અને લાંચિયા કર્મચારીઓને ઝડપી લીધા હતા.

કુલ ત્રણ દસ્તાવેજ ફરિયાદીને લેવાના હતા જેમાંથી બે દસ્તાવેજ સબ-રજીસ્ટ્રાર કચેરીમાંથી મળી ગયા હતા, પરંતુ ત્રીજા દસ્તાવેજ માટે વર્ગ-૩ના કર્મચારી જીતેન્દ્રકુમાર દ્વારા અગાઉના બે દસ્તાવેજ અને બાકી રહેલા એક દસ્તાવેજ મળીને ૧૮ લાખની લાંચની માંગ કરવામાં આવી હતી. જોકે, આ રકમ બહુ વધુ હોવાની ફરિયાદીએ રજૂઆત કરતા અંતે ૧૧ લાખ રૂપિયાની લાંચ લેવાનો નિર્ણય થયો હતો.

કાયદો અને કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ...

બાદ મુળ માલિકોને જમીન પરત કરવાની જગ્યાએ અથવા તો ગણોતિયાને ગણોત હક્કે જમીન આપવાની જગ્યાએ અને કબજા પાવતી આપવાની જગ્યાએ કૃષિ મામલતદારશ્રીએ આવી જમીનો ગણોતધારા કલમ-૮૪સી મુજબ તથા ગણોત ધારા કલમ-૬૩ તથા ૬૫ નાં ભંગ બદલ વિના વણતર સરકાર હસ્તક દાખલ કરતા હુકમ કરેલ છે, પરંતુ તેની નોંધ માત્ર રેવન્યુ રેકર્ડમાં હુકમ પુરતી જ થયેલ હોય અને તલાટી કમ મંત્રીશ્રીએ સ્થળ ઉપર જમીનનો કબજો મેળવી પંચનામું કરેલ ના હોય તો આવી જમીનો અંગે રેવન્યુ કોર્ટોમાં ગણોતીયા તથા જમીન માલિકો સરકાર સામે લડતા હોય છે, સમય જતાં જમીનની કિંમત વધતા ગણોતીયા તથા જમીન માલિકો વચ્ચે સમાધાન થતાં જમીન મુળ સ્થિતિમાં લાવવાનો કરાર આઉટ ઓફ કોર્ટમાં કરવામાં આવી તેની નકલ સરકારને રજુ કરવામાં આવે છે. તેમ છતાં આવી જમીનો સરકાર દ્વારા મુળ સ્થિતીમાં લાવવામાં આવતી નથી અને નવી શરતની શરતભંગ ગણી જ્યારે હાઈકોર્ટ દ્વારા મુળ માલિકને પરત સોંપવાનો હુકમ થાય ત્યારે પ્રિમિયમ ભરવાનું હોય ત્યારે સરકારમાં ધક્કા ખાવા પડે છે તથા કલેકટર થી સચીવશ્રી સુધી ફાઈલ અટવાતી રહે છે. સદરહું સુધારાથી જમીનો નવી શરતની જગ્યાએ પ્રિમિયમ ભરેલી તથા આકાર ના ભરેલી જુની શરતની ગણી તેને એન.એ. કરવામાં પણ સરળતા થશે. જેથી આગામી સમયમાં ખૂબ જ મોટા પ્રમાણમાં જમીનનો વિકાસ થવાનો છે તથા જમીનોનાં ભાવ વધતા બાંધકામ ક્ષેત્રમાં તેજી આવતા જેનો લાભ ખેડૂતોને થશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧, info@trivediassociates.in

વિજેતાઓને મલ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

નરેન્દ્ર મોદીએ કહ્યું, 'હું દેશ વતી સમગ્ર ટીમને અભિનંદન આપું છું. આ કોઈ નાની સિદ્ધિ નથી.

અગાઉ પ્રધાનમંત્રી મોદીએ ટ્વીટ કરીને આ બેઠકની માહિતી આપી હતી. ટ્વિટર પર એક વીડિયો શેર કરતા તેમણે લખ્યું, ''આપણા બેડમિન્ટન ચેમ્પિયન્સ સાથે વાતચીત કરી, જેમણે થોમસ કપ અને ઉબર કપના તેમના અનુભવો શેર કર્યા. ખેલાડીઓએ તેમની રમતના વિવિધ પાસાઓ, બેડમિન્ટન ઉપરાંત જીવન અને ઘણું બધું વિશે વાત કરી. ભારતને તેમની સિદ્ધિઓ પર ગર્વ છે.

દીપક ચહર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દીપક ચહર અને જયા ભારદ્વાજના લગ્નનું કાર્ડ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે પાછલી સિઝનમાં દીપક ચહરે પંજાબ કિંગ્સ વિરુદ્ધ મેચ સમાપ્ત થયા પછી પેવેલિયનમાં પોતાની ગર્લફ્રેન્ડ જયા ભારદ્વાજને ફિલ્મી અંદાજમાં પ્રપોઝ કર્યુ હતું. તે સમયે જયા ભારદ્વાજે પણ પ્રપોઝલ સ્વીકાર્યુ હતુ અને લગ્ન માટે હા પાડી દીધી હતી. આ બધુ એકાએક જ થઈ ગયુ હતુ. હજારોની ભીડ આ પ્રપોઝલની સાક્ષી બની હતી. દીપક ચહરે પેવેલિયન પહોંચીને ઘૂંઠણિયે બેસી પ્રેમનો એકરાર કર્યો હતો. જયાએ હા પાડી દેતા બન્ને ભેટી પડ્યા હતા અને અંગૂઠી પણ પહેરાવી હતી. આ જોઈને ફેન્સ ઘણાં ખુશ થઈ ગયા હતા.

નોંધનીય છે કે જયા ભારદ્વાજ બિગ બોસ ફેમ સિદ્ધાર્થ ભારદ્વાજની બહેન છે. સિદ્ધાર્થ ભારદ્વાજ એક્ટર છે અને એમટીવી સ્પ્લિટ્સવિલા સિઝન ૨નો વિજન પણ છે. રિપોર્ટસ અનુસાર, જયા દિલ્હીમાં એક કોર્પોરેટ કંપનીમાં જોબ કરે છે.

પ્રપોઝલ બાબતે દીપક ચહરના પિતા લોકેન્દ્ર સિંહ ચહરે જણાવ્યુ હતું કે, દીપક લાંબા સમયથી પોતાની પ્રેમિકાને પ્રપોઝ કરવા માંગતો હતો. દીપક ચહરે આઈપીએલ ૨૦૨૧ના પ્લેઓફ સ્ટેજ દરમિયાન આમ કરવાની યોજના બનાવી હતી. જો કે ચેન્નાઈ સુપરકિંગ્સના સુકાની એમએસ ધોનીની સલાહ પર તેણે પંજાબ કિંગ્સ વિરુદ્ધ સીએસકેની અંતિમ લીગ મેચ દરમિયાન પ્રપોઝ કરવાની યોજના ઘડી હતી.